સિંચાઇ તંત્રની ઘોર બેદરકારીથી રૂણ-નવાગામમાં ઓક્ટોબરમાં શરૂ થયેલું કામ હજુ સુધી અધૂરું

# સોજિત્રા પંથકમાં માઈનોર કેનાલનું કામ અધ્ધરતાલ, ખેડૂતોના નસીબ પર જોખમ

**ચોમાસું માથે છતાં**
ગેટ, કોઠા અને નળ નાખવાની કામગીરી બાકી



(પ્રતિનિધિ) સોજિત્રા તા.૨૫
સોજિત્રા નજીક રૂણ-નવાગામથી વસો માઈનોર થઈ ગંગાપુર તરફ જતી કેનાલનું કામ કોન્ટ્રાક્ટરની મંથર ગતિના કારણે વિવાદમાં આવ્યું છે. કામ શરૂ થયાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં હજુ સુધી કામગીરી પૂર્ણ ન થતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસાની ઋતુ હવે ઘરઆંગણે આવીને ઊભી છે ત્યારે જો આ કેનાલ તૈયાર નહીં થાય તો ખેડૂતોને સિંચાઈના પાણી માટે વલખાં મારવા પડશે તેવી સ્થિતિ સર્જાઈ છે.


પ્રાપ્ત માહિતી અનુસાર, સોજિત્રાના રૂણ-નવાગામ કેનાલનું કામ ગત ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવ્યું હતું. ખેડૂતોને આશા હતી કે આગામી સિઝન પહેલા કામ પૂરું થઈ જશે, પરંતુ સ્થળ પરની સ્થિતિ કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. અત્યારે કેનાલના બંને પાળા અને સાઈડોમાં માટી પુરાણનું કામ અધૂરું છે. આટલું જ નહીં, કેનાલ પર ગેટ બેસાડવા, ત્રણથી ચાર કોઠા તૈયાર કરવા તેમજ પાઈપો નાખવા જેવી પાયાની કામગીરી પણ હજુ સુધી કરવામાં આવી નથી.

આમ, કેનાલના અધૂરા કામને કારણે ખેડૂતોને માત્ર સિંચાઈની જ ચિંતા નથી, પરંતુ ખેતરો સુધી પહોંચવામાં પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કેનાલની હાલની સ્થિતિ જોતાં ખેતરોમાં અવર-જવર કરવી મુશ્કેલ બની ગઈ છે. જો ચોમાસા દરમિયાન વરસાદ પડશે તો આ માર્ગ પરથી પસાર થવું અશક્ય બની જશે, જેના કારણે ડાંગરની રોપણી અને ખેતરોની તૈયારીમાં મોટો અવરોધ આવશે તેવી ખેડૂતોને ભીતિ છે.

**કોન્ટ્રાક્ટરના વાયદા અને ખેડૂતોનો આક્રોશ**

આ બાબતે કોન્ટ્રાક્ટર લાલાભાઈનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે બાકી રહેલી તમામ કામગીરી આગામી એક માસમાં પૂર્ણ કરી દેવામાં આવશે. જોકે, ખેડૂતો હવે આ પોલા વાયદાઓથી સંતુષ્ટ નથી. લાંબા સમયથી ચાલી રહેલી ઢીલી કામગીરીને જોતા ખેડૂતોમાં પ્રચંડ અસંતોષ છે. ખેડૂતોની એક જ માંગ છે કે તંત્ર જાગે અને આ કામગીરી યુદ્ધના ધોરણે પૂરી કરાવે જેથી તેમની આખા વર્ષની મહેનત એળે ન જાય.

## આણંદમાં પીટીસીના પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ



આણંદ જિલ્લામાં પીટીસી તરીકે ઓળખાતા અને હાલ ડિપ્લોમા ઇન એલિમેન્ટ્રી એજ્યુકેશન તરીકે ચાલતા બે વર્ષીય અભ્યાસક્રમની પ્રથમ વર્ષની વાર્ષિક પરીક્ષાનો ગત ૨૫મી મેથી પ્રારંભ થયો છે. આ પરીક્ષામાં જિલ્લાના નિર્ધારિત બે કેન્દ્રો પર 474થી વધુ તાલીમાર્થીઓ જોડાઇ રહ્યા છે. આણંદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાના સુચારું આયોજન માટે મહાત્મા ગાંધી વિદ્યાલય (મોગરી) અને આઈ.બી. પટેલ વિદ્યાલય એમ બે કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. જેમાં મોગરી કેન્દ્ર ખાતે 11 બ્લોકમાં 324 તાલીમાર્થીઓ અને આઈ.બી. પટેલ વિદ્યાલય ખાતે 5 બ્લોકમાં રિપીટર સહિત અંદાજે 150 તાલીમાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષા ગુજરાતી અને અંગ્રેજી એમ બંને માધ્યમમાં લેવામાં આવી રહી છે અને તાલીમાર્થીઓની લેખનક્ષમતાના આકલન માટે તમામ પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રાખવામાં આવ્યા છે. આ પરીક્ષાનો સમય સવારના 10:00 થી બપોરના 1:00 વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે.

# ખંભાત :વરઘોડામાં નાચવા બાબતે ઝઘડો થતાં હુમલો

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૫
ખંભાત તાલુકાના શક્કરપુર ગામના મોસમ ફળિયામાં વરઘોડામાં નાચવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. અગાઉની બોલાચાલીનું સમાધાન કરવા ગયેલા એક દંપતી પર ચાર શખ્સોએ લાકડીઓ વડે હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનાની વિગત મુજબ, ગત ૨૩મી મેની રાત્રે ગામમાં નીકળેલા એક વરઘોડામાં નાચવા બાબતે ફરિયાદી રવિકુમાર ઝાલા મકવાણા અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતનું શાંતિપૂર્વક સમાધાન કરવા માટે ૨૪મીની સવારે રવિકુમારના પિતા ગુણવંતભાઈ અને માતા અરુણાબેન આરોપી વસંતભાઈના ઘરે ગયા હતા. તે દરમિયાન ઉશ્કેરાયેલા પરેશ વસંતભાઈ ઝાલા મકવાણાએ લાકડીના ફટકા ઝીંકી ગુણવંતભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. વચ્ચે છોડાવવા પડેલા માતાને પણ લાકડી વડે માર મારી આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ હુમલામાં ઈજાગ્રસ્ત ગુણવંતભાઈને તાત્કાલિક ખંભાતની જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે. આ મામલે ખંભાત શહેર પોલીસે રવિકુમારની ફરિયાદના આધારે પરેશ ઝાલા મકવાણા, વસંત મકવાણા, ઉમેશ મકવાણા અને સુરેશ સોલંકી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મહુધાના મીનાવાડા પંચાયતમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ | મહિલા સરપંચના સ્થાને દિયરનો વહીવટ

# મહુધામાં વિકાસ માત્ર કાગળ પર રહ્યો લાખોની ગ્રાન્ટ સગેવગે થયાનો આક્ષેપ

**આવાસ** યોજનામાં મળતીયાને લાભ આપી જરૂરિયાતમંદને વંચિત રખાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫
મહુધા તાલુકાના મીનાવાડા ગામમાં પંચાયતી રાજના લીરેલીરા ઉડતા જોવા મળી રહ્યા છે અને લોકશાહીનું હનન થઈ રહ્યું હોવાની બૂમ ઉઠી છે. ગ્રામજનોના સીધા આક્ષેપ મુજબ, ગામના ચૂંટાયેલા મહિલા સરપંચ માત્ર નામ પૂરતા જ છે અને ખરા અર્થમાં પંચાયતનો તમામ વહીવટ તેમના દિયર દ્વારા ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવે છે. સરકારી કાગળો અને ઠરાવો પર પણ સરપંચના બદલે તેમના દિયરની સહીઓ ચાલતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

મહુધા તાલુકાના મીનાવાડા ગામમાં વિકાસના કોઈ નક્કર કામો થયા નથી, છતાં માત્ર કાગળ પર વિકાસ દર્શાવી લાખો રૂપિયાના બિલો પાસ કરાવી સરકારી તિજોરીને ચૂનો લગાવવામાં આવ્યો છે. સામાન્ય નાગરિકોને જન્મ-મરણના દાખલા કે અન્ય સરકારી પ્રમાણપત્રો મેળવવા માટે પણ પંચાયત કચેરીના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. ગ્રામીણ વિકાસ માટે આવતી લાખોની ગ્રાન્ટ મળતીયાઓના ખિસ્સામાં જતી હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**આવાસ યોજનામાં ૧૩૦ ગરીબ પરિવારો સાથે છેતરપિંડી**

મીનાવાડા ગામના અંદાજે ૧૩૦ થી ૧૪૦ જેટલા અતિ ગરીબ પરિવારોના આવાસના ફોર્મ રદ કરી દેવાયા છે, જ્યારે તેની સામે બે માળના પાકા મકાન અને જમીન ધરાવતા મળતીયાઓના આવાસ મંજૂર કરાયા છે. સ્થાનિક રહીશ શૈલેષ ડાભીના જણાવ્યા મુજબ, આવાસ મંજૂર કરાવવાના નામે તેમની પાસેથી ત્રણ વખત પૈસા ઉઘરાવવા છતાં આજે પણ તેઓ કાચા મકાનમાં રહેવા મજબૂર છે.

**તપાસની માંગ અને આંદોલનની ચીમકી**

આ ગંભીર આક્ષેપો અંગે મહિલા સરપંચે ટેલિફોનિક વાતચીતમાં તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કાગળો પર પોતાની જ સહી હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ, રોષે ભરાયેલા ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારી અને તકેદારી આયોગ પાસે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. જો કસૂરવારો સામે તાત્કાલિક ફોજદારી કાર્યવાહી કરવામાં નહીં આવે તો છેક ગાંધીનગર સુધી જલદ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વસ્તી ગણતરીમાં BLOને ઓર્ડર જાહેર થતા ઉગ્ર રોષ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૫
ખેડામાં વસ્તી ગણતરીની મહત્વપૂર્ણ કામગીરી શરૂ થવા જઈ રહી છે, જેના ભાગરૂપે કર્મચારીઓને ઓર્ડર આપવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ ઓર્ડરમાં બૂથ લેવલ ઓફિસર તરીકે ફરજ બજાવતા શિક્ષકોને સામેલ કરવામાં આવતા કર્મચારીઓમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

રાષ્ટ્રીય કામગીરીમાં દરેક સરકારી વિભાગના કર્મચારીઓને સામેલ કરવાના હોય છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, અન્ય વિભાગોના કર્મચારીઓ મહદઅંશે આવી કામગીરીમાંથી મુક્ત થઈ જાય છે. બીજી તરફ, શિક્ષકોને હંમેશા આવી રાષ્ટ્રીય ફરજોમાં અગ્રેસર રાખવામાં આવે છે. શિક્ષકો પણ અત્યાર સુધી પોતાની સૂઝબૂઝ અને મહેનતથી આવી કામગીરી સફળ બનાવતા આવ્યા છે, પરંતુ વારંવાર માત્ર તેમના પર જ ભારણ વધારવામાં આવતા હવે રોષ ફાટી નીકળ્યો છે. ગયા વર્ષે બીએલઓ તરીકે સરની કામગીરી કરનારા કર્મચારીઓ તેમજ 50 વર્ષથી વધુ વય ધરાવતા કર્મચારીઓને વસ્તી ગણતરીની કામગીરીમાંથી મુક્તિ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેમ છતાં, હાલમાં થયેલા ઓર્ડરમાં આવા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આશ્ચર્યની બાબત એ છે કે જે-તે ક્ષેત્રના કર્મચારીઓના ઓર્ડર કેન્સલ કરીને બીએલઓના ઓર્ડર કરવામાં આવ્યા છે. વારંવાર બદલાતા લિસ્ટને કારણે તંત્રમાં કોઈની સાઠગાંઠ કે ચોક્કસ ઈશારે આ પ્રક્રિયા થતી હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ‘તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ-૨૦૨૬’ સંપન્ન થયો



**નડિયાદ** | બ્રહ્માકુમારીઝ નડિયાદ દ્વારા ‘પ્રભુ શરણમ’ ઓડિટોરિયમ ખાતે આયોજિત સમારોહમાં શહેરની વિવિધ શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ના ૧૮૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ વિભાગના અધિકારીઓ અને વિવિધ કોલેજોના આચાર્યોની વિશેષ ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. મુખ્ય વક્તા બ્ર. કુ. ડો.સ્વામીનાથને વિદ્યાર્થીઓને સંબોધતા જ્ઞાનની સાથે ચરિત્ર નિર્માણ, સંસ્કારો અને સકારાત્મક વિચારસરણી કેળવવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના અંતે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### નડિયાદમાં ‘સંસાર એક માયા’ નાટકનું ભવ્ય મંચન: કલાકારોનું સન્માન કરાયું



**નડિયાદ** | નડિયાદ કલામંદિર દ્વારા રમતગમત વિભાગ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે ‘સંસાર એક માયા’ નાટક સફળતાપૂર્વક ભજવાયું હતું. હરીશ દવે લિખિત અને મયુર ચૌહાણ દિગ્દર્શિત આ નાટકમાં મહેશ રબારી અને ઠાકોર મકવાણા સહિતના નામાંકિત કલાકારોએ પોતાના અભિનયથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે ડો. જે.ડી. પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને કલાક્ષેત્રે પ્રદાન બદલ સતીષ દવે તથા ઠાકોર મકવાણાનું વિશેષ સન્માન કરાયું હતું. આ સમગ્ર સંચાલન ઈકબાલ મેમણે અને આભારદર્શન હેમંત વ્યાસે કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદ SRP જવાનોના માનસિક તણાવ નિવારણ માટે ત્રિદિવસીય ચિંતન શિબિર યોજાઇ



**નડિયાદ** | નડિયાદ એસઆરપી ગ્રુપ-૭ દ્વારા જવાનોના માનસિક તણાવ મુક્તિ અને પારિવારિક સંતુલન જાળવવાના હેતુથી ‘મનન, મંથન અને માર્ગદર્શન’ વિષય હેઠળ ત્રિદિવસીય ચિંતન શિબિર યોજાઇ હતી. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે આયોજિત આ શિબિરમાં પ્રથમ દિવસે ૧૦૦થી વધુ જવાનો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં ડો. બી.કે. સ્વામિનાથન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય જવાનો તણાવમુક્ત બનીને પોતાની ફરજ બજાવી શકે અને પરિવાર સાથે યોગ્ય તાલમેલ જાળવી શકે તે માટેનો રાખવામાં આવ્યો છે.

### ગળતેશ્વરના બલાઢા ગામે પ્રાકૃતિક કૃષિ અને સમતોલ ખાતર ઉપયોગ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**સેવાલીયા** | ગળતેશ્વર તાલુકાના બલાઢા ગામે કૃષિ વિભાગ દ્વારા રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ



જાગૃતિ અભિયાન અંતર્ગત માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ખેડૂતોને જમીનની તંદુરસ્તી જાળવવા માટે જમીન પરીક્ષણનું મહત્વ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખાતર વ્યવસ્થાપન કરવા અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જીવામૃત, ઘન જીવામૃત અને ગૌ-આધારિત ખેતી દ્વારા ઉત્પાદન ખર્ચ ઘટાડી ગુણવત્તાયુક્ત પાક મેળવવા માટે ખેડૂતોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

### આણંદના નાવલી સ્થિત એનસીસી એકેડમી ખાતે ૪૧૦ કેડેટ્સ માટે ફાયર અવેરનેશ ટ્રેનિંગનું આયોજન

**આણંદ** | કરમસદ-આણંદ ફાયર બ્રિગેડ દ્વારા ૩૮ ગુજરાત



બટાલિયન NCC એકેડમી, નાવલી ખાતે કેડેટ્સ અને કર્મચારીઓ માટે વિશેષ તાલીમ યોજાઈ હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોર અને તેમની ટીમ દ્વારા ૪૧૦ જેટલા કેડેટ્સને આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ અને અગ્નિશામક યંત્રોના ઉપયોગ અંગે સમજૂતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં બિલ્ડિંગની ફિક્સ ફાયર સિસ્ટમની માહિતી સાથે મુશ્કેલ સમયમાં રેસક્યુ (બચાવ કામગીરી) કેવી રીતે કરવી તેનું પ્રેક્ટિકલ નિદર્શન આપવામાં આવ્યું હતું.

### નડિયાદના રોહિત ઉત્કર્ષ મંડળ દ્વારા વોર્ડ નં. 1 ના નવનિયુક્ત કોર્પોરેટરોનો અભિવાદન સમારોહ યોજાયો

**નડિયાદ** | નડિયાદમાં સંત દલારામ આશ્રમના ગાદીપતિ અનંતગિરીજીના સાનિધ્યમાં રોહિત ઉત્કર્ષ મંડળ દ્વારા વોર્ડ નંબર 1



ના વિજેતા કોર્પોરેટરોનો ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મતદારોનો આભાર માની વિસ્તારના વિકાસના કામો અને પ્રજાના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન મહિલા શિવણ વર્ગની સફળ તાલીમાર્થીઓને મહાનુભાવોના હસ્તે સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં અગ્રણીઓ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન મંડળના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

### કપડવંજ તાલુકા રાવળ યોગી સમાજ વિકાસ મંડળના પ્રમુખ તરીકે દિનેશભાઈ રાવળની વરણી

**કપડવંજ** | કપડવંજ તાલુકાના વડાલી ગામે રાવળ રમેશભાઈના નિવાસસ્થાને સમાજ વિકાસ મંડળની એક મહત્વપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ



બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં તાલુકાના વિવિધ ગામોના આગેવાનોની ઉપસ્થિતિમાં સમાજની એકતા, શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ મંડળના નવા પ્રમુખ તરીકે દિનેશભાઈ મંગળભાઈ રાવળ (નિર્માલી) અને ઉપપ્રમુખ તરીકે દશરથભાઈ રમણભાઈ રાવળની સર્વસંમતિથી વરણી કરાઈ. નવનિયુક્ત હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ સમાજમાં પ્રગતિના નવા આયામો સ્થાપિત થશે તેવી આશા સાથે સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### કપડવંજમાં સુવર્ણકૃપા જ્વેલર્સ દ્વારા બે હજાર પક્ષીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

**કપડવંજ** | કપડવંજની સુવર્ણકૃપા જ્વેલર્સ પ્રા. લિ. દ્વારા સતત પાંચમા વર્ષે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે ૨૦૦૦ કુંડાનું



વિનામૂલ્યે વિતરણ કરાયું છે. અબોલ પક્ષીઓને પીવાનું પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ સેવાકીય કાર્યમાં સ્થાનિક નાગરિકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ આ કુંડા મેળવીને પોતાના ઘર, ગેલેરી અને બગીચાઓમાં પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સુવર્ણકૃપા જ્વેલર્સનો માનવતા અને પર્યાવરણ પ્રત્યેનો આ અનોખો પ્રયાસ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બન્યો છે.

### લુણાવાડાના વખત બાગમાં ૧૦૦થી વધુ બાળકો માટે નિ:શુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરાયું



**લુણાવાડા** | લુણાવાડાના વખત બાગમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત નિ:શુલ્ક સમર યોગ કેમ્પમાં ૧૦૦થી વધુ બાળકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પમાં બાળકોને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વિવિધ યોગ અને પ્રાણાયામની તાલીમ આપવામાં આવી રહી છે. યોગાભ્યાસની સાથે સાથે બાળકોમાં આધ્યાત્મિક જ્ઞાન વધે તે હેતુથી ગીતા પાઠનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓ દ્વારા રજાના સમયમાં બાળકોમાં નાનપણથી જ ઉમદા સંસ્કારોનું સિંચન થાય તેવો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

### લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે કર્મચારીઓ માટે વિશેષ આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો



**લુણાવાડા** | લુણાવાડા એસ.ટી. બસ સ્ટેશન ખાતે આરોગ્ય શાખા દ્વારા ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિકલ સ્ટાફ માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉપસ્થિત તબીબી ટીમ દ્વારા તમામ કર્મચારીઓના બ્લડ પ્રેશર (BP) અને આંખોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ડો. ફૈઝાન આખલી અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા કામદારોને જરૂરી તપાસ બાદ આરોગ્ય જાળવણી અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આરોગ્ય વિભાગના ફાર્માસિસ્ટ, લેબ ટેક્નિશિયન અને આશા વર્કરોએ સેવા આપી કર્મચારીઓના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.

### આણંદ જિલ્લાના દિવ્યાંગો માટે ટુ-વ્હિલર ખરીદવા સરકાર ૨૫ હજારની આર્થિક સહાય આપશે

આણંદ | આણંદ જિલ્લાના ૧૮થી ૫૦ વર્ષની વયના અને ૪૦% કે તેથી વધુ અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા નાગરિકોને ટુ-વ્હિલર ખરીદવા માટે સરકાર દ્વારા મહત્તમ ૨૫ હજારની સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા માટે ઈચ્છુક દિવ્યાંગોએ આગામી ૩૦મી જૂન, ૨૦૨૬ સુધીમાં ‘ઈ-સમાજ કલ્યાણ’ પોર્ટલ (https://esamajkalyan.gujarat.gov.in/) પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત મંજૂરી મળ્યાના ૩૦ દિવસમાં લાભાર્થીએ ટુ-વ્હિલરની ખરીદી કરી જરૂરી પુરાવા અને ડ્રાઈવિંગ લાઈસન્સ રજૂ કરવાના રહેશે, બાદ સહાયની રકમ સીધી બેંક ખાતામાં જમા થશે.